ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઘરનાં ઘંટી ચાટે, આફ્રિકાને ડોલર દાન દે,
અવમાને છે અહીં સૌને વિદેશીઓને માન દે,
કાન દે સંઘને ભાન ભૂલી ગુમાવી દે છે શાન -
ધ્યાન દે પ્રચાર પર મીડિયા માટે જાન દે છે...

હાઈકુ

મળતા નથી
કોઈ પક્ષે લાયક -
ઉમેદવારો..
(રાજકારણ રણે)

કોર્ટના હાથે
ચાબૂક ને લગામ -
ચાલે છે તંત્ર..
(નબળી લોકશાહી)

ચિંતન

પ્રત્યહં પ્રત્યવે ક્ષેત નરશ્ચરિત માત્મનઃ । કિં નુ મે પશુભિ સ્તુલ્યં કિં નુ સત્યુરૂષૈરિતિ ॥

'માણસે પ્રતિદિન પોતાના આચરણનું અવલોકન કરતા રહેવું જોઈએ અને વિચારવું જોઈએ કે મારું આચરણ પશુના જેવું છે કે કોઈ સજ્જન-સંત પુરુષ જેવું?'

સવારે પથારીમાંથી પહેલો પગ પૃથ્વી પર મૂકતા ધરતી માતાની ક્ષમા માગવામાં આવે છે કે, હે! માતા હું તમને પદથી સ્પર્શ કરું છું મને ક્ષમા આપજો - સવારના પૂજા-પાઠ દિવસ દરમિયાન સત્કર્મ થાય એને માટે છે અને સાંજની પૂજા - આખા દિવસમાં થયેલા કર્મોના અવલોકન માટે છે.

રાત્રે પથારીમાં પડતાં આજે દિવસ દરમિયાન મેં શું કર્યું - કોની સાથે વાદ-વિવાદ થયો, ભલું-બુરું કહ્યું - વગેરે બાબતોનું અવલોકન કરી - આત્મપરીક્ષણ કરવું.

સજ્જન લોકો સત્કાર્યો કરી સમાજસેવાના કામ કરે છે દુર્જન લોકોને ત્રાસ-પીડા આપી શોષણ કરનારા હોય છે.

આપણું જીવન-દીનચર્યા કેવી છે તેનું જાતે જ અવલોકન કરી - સ્વયં વિચારવું જોઈએ.

સુવિચાર

- આંખ મીચીંને સ્થિર બેઠા પછી શ્વાસ સિવાય કશું ય ભીતર ન જોઈએ એ જ ખરું ધ્યાન - **રજનીશ**
- ભૂતકાળ અને ભવિષ્યકાળથી જો છૂટી જઈએ તો હૃદય ફરી તાજુંમાજું નવેસરથી જન્મી શકે છે, અને એ માટે એક જ શરત છે કે પ્રત્યેક વર્તમાનની ક્ષણમાં શુદ્ધભઆવે જીવી લેવું - **ખલીલ જીબ્રાન**
- બજાણિયો જેમ ડાબી કે જમણી એકેય બાજુ ઓછું કે વધારે ઝુક્યા વગર સમતોલન જાળવી ને પગલાં ભરે છે તેમજ સાચા ઉપાસકે સુખ કે દુઃખ તરફ સમતોલન જાળવીને, શ્વાસોની દોરી ઉપર જીવવાનું હોય છે - **ઝેન કથન**
- અગ્નિ અશુદ્ધિઓ દૂર કરે છે, અગ્નિ સઘળું સળગાવી દઈને અંતે પોતાની જાતને પણ સળગાવી દે છે, સાચા ધાર્મિકનું જીવન આવું હોવું જોઈએ - **રમેશ ઓઝા**
- મારા કુટુંબ કરતાં હું રાષ્ટ્રને અને રાષ્ટ્ર કરતાં પણ હું માનવતાને વધુ ચાહું છું - **પાઉલો કોએલો**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણે સમજ્યા વિના, સંસ્કૃત સ્તુતિઓનો સમજ્યા વિના મોટે મોટેથી પાઠ કરી કૃતકૃત્ય થઈ જઈએ છીએ અને મનમાં આશ્વાસન લઈએ છીએ કે ભગવાન બહેરો હશે તો પણ એને મારી સ્તુતિ તો સંભળાશે જ! ભગવાન ભાવનો ભૂખ્યો છે યાંત્રિક પૂજા-પાઠનો નહીં.

ખાણ-ખનીજવાળાં એક નાનાં ગામડાંનો એક મોચી એક બપોરે ચર્ચના ધર્મગુરુ પાસે ગયો અને પોતાની દ્વિધા-વેદના રજૂ કરી. કહ્યું, આપણા ગામના ગરીબ મજૂરો આખો'દિ ખાણમાં કામ કરે છે અને સાંજે એમના તૂટેલા જોડા-ચંપલ મને રીપેર કરવા દઈ જાય છે, હું આખી રાત કામ કરી બધાના પગરખાં તૈયાર કરી રાખું છું. સવારે મજૂરો ખૂશ થઈ એ મારે ત્યાંથી પહેરીને જ ખાણમાં કામ કરવા જાય છે. રોજના આ સિલસિલામાં હું પ્રાર્થના નથી કરી શકતો એનું દુઃખ છે. ઘણીવાર તો આ ચામડાં ચૂથવાની અપવિત્ર દશામાં જ મનમાં પ્રાર્થના કરતો કરતો જોડા-ચંપલ રીપેર કરું છું.' પણ પદ્ધતિ સર ચર્ચામાં આવીને હું...

ધર્મગુરુ વચ્ચેથી વાત કાપી બોલ્યા, ભાઈ, આખા ગામમાં તારા જેવી નિર્મળ અને પવિત્ર પ્રાર્થના કોઈ જ નથી કરતું - ઈશ્વર તારી આ વેદનાને જ પ્રાર્થના સમજી સ્વીકારે છે.

રાજકારણ પર તંત્ર-મંત્ર અને જયોતિષનો ઓછાયો

તંત્રીસ્થાનેથી....

રાજાશાહીના જમાનામાં મહામાત્ય (દીવાન) અને સેનાપતિ ઉપરાંત રાજપુરોહિત અને રાજ કવિ જેવાં પદ પણ અગત્યનાં ગણાતાં. કોઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં રાજપુરોહિત-રાજજયોતિષીની સલાહ લેવામાં આવતી અને એની સાથે મુર્હૂત કઢાવી જરૂરી કર્મકાંડની વિધિ પણ કરવામાં આવતી. કાળક્રમે જયોતિષ અને તંત્રમંત્રનો પ્રજા પર એટલો બધો પ્રભાવ વધી જવા પામ્યો કે એનું વૈજ્ઞાનિક સત્ય અને વજૂદ હાંસિયે ધકેલાઈ ગયાં. લેભાગુ જયોતિષીઓ અને તાંત્રિકો દ્વારા પ્રજા ના શોષણના દાખલા આપણે છાસવારે છાપામાં વાંચીએ છીએ. ટીવી ચેનલો અને અખબારો પણ આવી અવૈજ્ઞાનિક બાબતોથી અંજાયેલી પ્રજાને જ્યોતિષની કટારો અને કાર્યક્રમો પીરસી ઘેનમાં નાખતાં રહે છે. ભાગ્યે જ કોઈ માણસ એવો હશે જેને પોતાની આવતીકાલ વિશેની જિજ્ઞાસા ન હોય. એટલે મોદી કે નીતીશ અને લાલુ તાંત્રિકો અને જયોતિષીઓના શરણે જતા હોય તો એ સમજણમાં જ ઊતરે એવા સ્ફોટક સમાચાર નથી. વિજય મેળવવા માટે કયો ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરતાં પહેલાં શુકન નહીં જોતો હોય? બલકે મોટા ભાગના ઉમેદવારો તો વિજયમુહૂર્તમાં જ ફોર્મ ભરવાનું પસંદ કરે છે. એથી બીકનો મુદ્દો વધુ પડતો ચવાઈ ગયા પછી વડાપ્રધાને લાલુ-નીતીશને જંતર-મંતરવાળા નેતાઓ તરીકે ભાંડવાનું શરૂ કર્યું છે. પોતે લોક'તંત્ર'માં જ સમર્થક છે અને 'જંતર-મંતર'માં માનતા નથી, એવો પ્રચાર કરી તેમણે લાલુ-નીતીશના અવૈજ્ઞાનિક, જુનવાણી સંસ્કારો સામે પોતે આધુનિક, રેશનલ અને વિકાસવાદના પ્રતીક પુરુષ હોવાની વાત બિહારના મતદારોના મનમાં ઠસાવવાનો પ્રયાસ કર્યો છે. નીતીશની તાંત્રિક સાથેની વાત બિહારના મતદારોના મનમાં ઠસાવવાનો પ્રયાસ કર્યો છે. નીતીશની તાંત્રિક સાથેની તસવીર વાઈરલ થઈ ગયા પછી મોદી પાસે આ મુદ્દો હાથવગું હથિયાર બની રહ્યો હતો. પરંતુ ચેનલો અને અખબારોમાં આ સમાચારો છવાઈ જતાં પ્રસિદ્ધ જયોતિષી બેજાન દારુવાલાને મીડિયામાં ચમકવાનો ચસકો લાગ્યો. એમણે મોદી પોતાનો હાથ બતાવવા આવેલા, તે તસવીર અને એમનો હાથ તથા કુંડળી જોઈ એમને વડાપ્રધાનપદ મળશે જે દરમિયાન તેઓ દેશને વિકાસનાં પંથે દોરી જશે, ઉપરાંત એમના શાસનકાળ દરમિયાન ગંગાને એની મૂળ પવિત્રતા પાછી સાંપડશે, એવી આગાહી કરી હતી, તે બધું જાહેર કરી દીધું છે. એથી મોદી પણ જયોતિષીઓ અને બાબાઓ પાસે દોડી જતા હોવાની છાપ ઊભી થઈ છે. બેજન દારુવાલાની સામે મોદી એમનો જમણો હાથ ધરી રહ્યા છે, તે તસવીર ચર્ચાસ્પદ બની છે. જે માણસ જાતે જ ગોળ ખાતો હોય તે બીજાને ગોળ નહીં ખાવાની શિખામણ આપે તો એવી શિખામણનું વજૂદ કેટલું? ભારતીય જનતા પાર્ટીએ બેજન દારુવાલાના અણધાર્યા હુમલાનો લુલો બચાવ કરવાની હાસ્યાસ્પદ ચેષ્ટા કરી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બેજન દારુવાલાના એક જયોતિષ વિષયક ગ્રંથનું વિમોચન કરવા ગયેલા ત્યારે જયોતિષી દારુવાલાએ જ એમનો હાથ ખેંચીને જોવાનો પ્રયાસ કરેલો, તે રજૂઆત કેવી હાસ્યાસ્પદ છે! ધારો કે દારુવાલએ એમનો હાથ સામે ચાલીને ખેંચ્યો હોય તો મોદીએ એમને ભવિષ્યવાણી કરતા કેમ ન અટકાવ્યા? વળી, મોદી એમના પુસ્તકનું વિમોચન કરવા કેમ દોડી ગયા? - બિહારના મતદારો સુપેરે સમજે છે કે કોઈ પણ નેતા બાબાઓ, જયોતિષીઓ અને તાંત્રિકોના પ્રભાવથી મુક્ત હોઈ શકે નહીં, મોદી તો કાંડા પર કાળો દોરો પણ પહેરે છે અને ઉમેદવારી પત્ર ભરતી વખતે પ્રમુખ સ્વામીએ પ્રસાદી તરીકે આપેલી પેન જ વાપરે છે - જેવી કબૂલાત ખુદ મોદીએ જ ચૂંટણીમાં ઉમેદવારી કરતી વખતે કરેલી. મોદીએ એમની જાહેરસભાઓમાં અંગૂઠાનું નિશાન કરેલ મહિલાઓના દસ્તાવેજ બતાવી નીતીશ-લાલુના 'જંગલરાજ' માં મહિલાઓને નિરક્ષર રાખવામાં આવી છે, એવો આક્ષેપ કર્યો છે. શું ગુજરાતમાં મોદીના સુદીર્ઘ શાસન પછી સો ટકા સાક્ષરતા આવી ગઈ છે? ગુજરાતનાં ગામડાંમાં પણ બિહાર જેવી જ નિરક્ષરતા પ્રવર્તે છે, તે કોણ નથી જાણતું? આવા વાહિયાત મુદ્દાઓથી પ્રજાને ભરમાવનારા નેતાઓ વિશે પ્રજામાનસમાં લાંબે ગાળે જે અવિશ્વાસ ઊભો થશે, એની ભરપાઈ કરવી ઘણી અઘરી પડવાની છે. પરંતુ રાજકારણીઓને તો યેનકેન પ્રકારે સત્તા જ મેળવવાના ધખારા રહેતા હોય છે. એમને ઇતિહાસ કેવી નોંધ લેશે, એની કોઈ પરવા નથી હોતી. જુઠ્ઠાણાં ચલાવવાં તે રાજકારણીઓનો જન્મસિદ્ધ અધિકાર છે!

ગાંધી મારો સો સો વાતુનો જાણનારો

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ગાંધીજી ગોળીએથી વિંધાયા પછી લગભગ છ દાયકા બાદ યુનાઈટેડ નેશન્સ તરફથી સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ ઠરાવથી દરેક વર્ષની બીજી ઓક્ટોબરને વિશ્વ અહિંસા દિવસ તરીકે ગણાવીને ગાંધી વિચારની સ્મૃતિને સ્થાયી સ્વરૂપ આપવાનો આવકારપાત્ર પ્રયાસ થયો. ગાંધી એક વિચારસરણીનું નામ છે તેમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી. વ્યક્તિની સ્મૃતિ કાળના નિરંતર વહેતા પ્રવાહમાં ઝાંખી થઈ શકે છે. સંસ્થાઓ પણ કાળબળના કારણે કેટલાક કિસ્સામાં ક્ષિણ થતી જોવા મળે છે. પરંતુ વિચાર એ નિત્ય તથા નૂતન સ્વરૂપે સદાકાળ વહેતો રહે છે. સોક્રેટીસ, લિંકન કે ગાંધીને અકુદરતી રીતે મારનારનો હેતુ આ મહાનુભાવોના વિચાર પ્રવાહની હત્યા કરવાનો હોય તો તેઓ તેમાં સફળ થયા નથી તેમ ઈતિહાસ પ્રમાણે છે. આજે પણ પોતે જે માન્યતા ધરાવે છે તે બાબતો માટે ભોગ આપવાની તૈયારી રાખનારા ''માથાના ફરેલા'' લોકો છેજ. કાલબુર્ગી, પાનસરે કે નરેન્દ્ર દાભોલકર આપણી નજર સામેના ઉદાહરણ છે. તેઓએ સવીચ્ચ બલિદાન આપ્યા પરંતુ વિચારનું હણી ન શકાય તેવું બીજ રોપીને ગયા. આ રીતેજ ગાંધી વિચારને જીવંત તથા વહેતો રાખવાનું કામ કેટલાક લોકો થાક્યા કે હાર્યા સિવાય કરે છે. ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર આવી એક સંસ્થા છે. ભાનુભાઈ પુરાણી કે મહેન્દ્રભાઈ ત્રિવેદીનો સંપર્ક કરવાથી આ સંસ્થાની કામગીરીનો વિશેષ પરિચય મેળવી શકાય છે. આ સંસ્થાએ નવરાત્રિના આરાધના કરવાના દિવસોમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાંજ ત્રણ ગાંધી વિચારને વરેલા વરિષ્ઠ મહાનુભાવોનું સન્માન કર્યું. આ ત્રણ મહાનુભાવોમાં સર્વશ્રી અમૃતભાઈ ત્રિવેદી, વસંતભાઈ શાહ તેમજ મનસુખભાઈ પંચાલનો સમાવેશ થાય છે. ગાંધી વિચારને નવી પેઢી સુધી લઈ જવાના પ્રયાસો સંસ્થા નાના-મોટા કાર્યક્રમો કરીને કરે છે. આવા પ્રયત્નો કરતી વખતે ''એકલો જાને રે'' ની ભાવના મનમાં પાકી ન થઈ હોય તો લાંબો પંથ કાપવો મશ્કેલ છે.

જો સૌએ પાછા જાય
ઓરે ઓરે ઓ અભાગી!
સૌએ પાછા જાય.
જો રણમારગ નીસરવા ટાણે
સૌ ખૂણે સંતાય
તો કાંટા રાને
તારે લોહી નીગળતે ચરણે
ભાઈ! એકલો ધાને રે.

આ સંસ્થાના પ્રયાસો થકી કેટલાક શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ ગાંધી વિશે વાંચતા - વિચારતા અને બોલતા થયા. આથી આવા પ્રયાસનું સ્વાગત છે. ગાંધી વિચારની સ્મૃતિ ચિરંજીવી રહે અને વ્યક્તિગત રીતે નાગરિકને સમાજ માટે કંઈક કરી છૂટવાની વૃત્તિ કેળવાયતો અનેક પ્રશ્નોનો અણધાર્યો ઉકેલ મળી શકે તેમ છે. બાપુ એ જીવાતા જીવનનો વિષય છે. સદાકાળ આપણાં દૈનિક જીવનમાં પણ પ્રાસંગિક છે. બાપુના વિચારતત્વને માત્ર બીજી ઓક્ટોબર કે ત્રીસમી જાન્યુઆરીની ફ્રેમમાં મઢી રાખવાનો પ્રયાસ કોઈ અર્થસભર પરિણામ લાવી શકે નહિ. કવિ ઉશનસે ઉચિત રીતેજ ધારદાર ટકોર કરી છે.

જે કાળ કેરો સાંઢ
શૃંગેથી ગ્રહી હાંકી ગયા,
તે આટલે વર્ષે હવે
ખુદ બે મિનિટનું મૌન!

અનુસંધાન પાના નં. ૭ પર

હવે તો સુધરો !

વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

ઉંમરની છેલ્લી ઈનિંગમાં બેટિંગ કરતાં વડીલો સન્માનીય છે, આદરણીય છે, વંદનીય છે, પણ ત્યાં સુધી જ કે જયાં સુધી તેઓ અંચાઈ ન કરે. સમાજમાં એવા ઘણા વ્યક્તિ મળી રહેશે જે આખા જીવન દરમિયાન તેમને મળેલા અનુભવના આધારે શાંતિથી અને સલુકાઈથી કુનેહભર્યું જીવન વ્યતિત કરવાના બદલે, કાંઈ ને કાંઈ અટકચાળું વર્તન ન કરતાં હોય છે. બીજાના કામમાં આડખીલીરુપે કેમ બનવું એ જ એમનું મુખ્યકામ હોય છે. સાઠ પછી એકસઠ, બાસઠ... એમ સઠિયાઈ ગયેલા બુઢ્ઢાઓની આ વાત છે.

અગાઉ કહ્યું તેમ દરેક સાઠ ઉપરનો વ્યક્તિ સન્માનીય છે, તેમાં ના નહીં, આખું જીવન કામના ઢસરડા અને કુટુંબની જવાબદારી ખભે ખેંચીને ચાલતા વડીલો પાછલા પડાવમાં આરામ અને આદરના અધિકારી છે, પણ કમનસીબે એ છે કે કોઈ સિક્કો ખાલી હેડ્સ અને ખાલી ટેલ્સ એટલે કે કોઈ એક જ છાપનો બનેલો નથી, એ તો અમિતાભ પાસે શોલેમાં જ હતો, પણ કહેવાનો મતલબ કે દરેક સિક્કાની બીજી બાજુ હોય છે, એમ આવા વયોવૃદ્ધ, સન્માનીય વડીલોની બાજુ બુઢ્ઢા, ખુસટ, ખોંચરા કાઢતા, ધરતી પર બોજ વધારતા શૉ-પીસ છે. આવા નમૂના પણ સમાજમાં ઓછા નથી!

આજકાલ બધાને ટેવ પડી ગઈ છે, નવી પેઢીની બૂરાઈ કરવાની પણ ખરેખર જોવા જઈએ તો જેમ સિક્કાની બીજી બાજુ કાળી છે, એમ અમારા પણ સિક્કાની બીજી બાજુ ઊજળી છે. આ ગંભીર પ્રશ્ન છે! સાઠ પછી સઠિયાઈ ગયેલાઓને જીવનમાં કોઈ ચોક્કસ સ્થાન ન મળવાનો વસવસો ઘેરી વળે છે, અને ઊંચા આવતાં ન થી. નિવૃત્તિના સમયમાં અચાનક તેમને સમાજ સેવાનું ભૂત ઊપડે છે અને તે પણ માત્ર પ્રસિદ્ધિની લાલસા માટે જ. જયારે આજની જનરેશન સતત નવા નવા સંઘર્ષો વચ્ચે પોતાનું જીવન વિતાવે છે - સાથે સાથે ઘર-પત્ની-બાળકોની જવાબદારી સ્વીકારીને સમાજમાં પણ આગળ પડતું દોડીને કામ કરે છે. 'હું ભલોને મારું ઘર ભલું' એવી તકિયાનુસી વાતને અમે અભરાઈ પર ચડાવી છે, જીવનના એવા કોઈ તબક્કા અમે નથી કર્યા કે અત્યારે વ્યક્તિગત કામ કરવું અમુક ઉંમર પછી સામાજિક કાર્ય કરવું. બધું સમાંતર ચલાવવાનો કસબ આજની પેઢી જાણે છે અને ફરે ઈ ચરે, કામ કરે એ આગળ વધે તો સંસારનો નિયમ છે, આથી જ કોઈ ડેડાંટ અને વિશેષ પ્રયત્ન વગર લોકો તેને ઉચ્ચ સ્થાને મૂકી દે છે.

લોચા હવે જ શરુ થાય છે, જંપીને બેસી રહેલા વિઘ્નસંતોષી બુઢે લોક હવનમાં હાડકાં નાખવાનું ચાલુ કરે છે, અને નાની-નાની વસ્તુને ચિંગમની જેમ ખેંચી-ખેંચીને વાતનું વતેસર કરી નાખે છે. પોતાનો કક્કો ખરો કહાવવાની તેમની હઠ એવી હોય છે કે ન પૂછો વાત! મને લાગે છે કે આપણે કહેવત બદલવી પડશે - બાળહઠ, રાજહઠ અને સ્ત્રીહઠની સાથે સાથો ડોસાહઠ પણ ઉમેરવી પડશે. આજનો યુવાન સમય સાથે તાલ મિલાવતો વધુ સમજુ થયો છે, આટલી સ્પર્ધાના સમયમાં ઝઝૂમતો યુવાન ધન્યવાદને પાત્ર છે. આજથી ૩૦-૪૦ વર્ષ પહેલાં સરકારી નોકરી સરળતાથી મળી રહેતી હતી ત્યારે ભ્રષ્ટચાર, વસ્તી વધારો, બેકારી આ બધી સમસ્યાઓ આજના મુકાબલે તો નહિવત્ જ હતી.

'અરે અમારા વખતમાં તો અમે આમ સાઈકલ પર દોડતા, કામ કરતાં અને રૂપિયા ચપટીમાં મેળવી લેતા!' અમારા જમાનામાં તો આમ હતું ને તેમ હતું, આવું સાંભળી સાંભલીને અમારા કાન પાકી ગયા છે, - અરે દાદા! પહેલાં તો ગ્રેજ્યુએટ થયા પછી નોકરી તરત મળી જતી, આજે કોમ્પિટીશન વધી છે. માસ્ટર ડીગ્રી પછી પણ સરકારી તો શું સામાન્ય નોકરી મેળવવાનાં પણ ફાંફાં છે, અને સ્ત્રીઓમાં તે સમયે ભણતરનું પ્રમાણ ઓછું રહેતું એટલે લગ્ન પણ તરત થઈ જતા અને પછી સલામત નોકરી કરતા-કરતા જીવન વ્યતિત કરતા વડીલો અમારી અત્યારની પરિસ્થિતિનો અનુભવ કરે તો એમને આંખે પાણી આવે. રોજ નવી ચેલેન્જ સાથે ગમે તેવી પરિસ્થિતિને કાબૂમાં કરતું યુવાધન અભિનંદનીય છે, કેમ તમને એમ નથી લાગતું! નિવૃત્તિના સમયે જેટલો પગાર મળતો હોય તેમાંથી બમણું કે ત્રણગણું અત્યારે પેન્શન મેળવતા વડીલો રૂપિયા કેમ કમાવાય તેની સુફિયાણી સલાહ આપે ત્યારે મૌન જ બની જઈએ છીએ. બધી વાતને સમજીને નાસમજી કરનારા વડીલોથી તો તોબા! તેમની સાવ ક્ષુલ્લક જેવી બાબત સામે આપણી દલીલ પણ કેવી રીતે કરવી એ સમજાતું નથી.

એ પછી લગ્નની વાત હોય તો સસરા-જમાઈને માથાકૂટ, નોકરી ધંધા માટે બાપ-દીકરાને માથાકૂટ મોટેરાઓ ખોટી વાત સ્વીકારવાનું તો કદી શીખ્યા જ નથી. ઊલ્ટાનું જયારે ખબર પડે કે પોતે ખોટા છે ત્યારે તેમનો ગુસ્સો ઓર વધી જાય છે. કારણ કે જુઠ્ઠુ સાબિત કરવા જોર જોરથી ગાજવું પડે છે, સામા પક્ષે વડીલોની આમાન્ય રાખતો યુવાવર્ગ તેમની આ જોહુકમી ચલાવી લે છે, ફક્ત આદરના કારણે. આને તો હઠીલા વૃદ્ધો પોતાની જીત સમજે છે, પરંતુ એટલું ભાન થતું નથી કે આવા ખોટા હઠાગ્રહના કારણે તેઓ કયારના સામેવાળાની નજરમાંથી ઊતરી ગયા છે.

આવા અડિયલ લોકો વ્યક્તિગત રીતે પોતાની આસપાસના વર્તુળમાં રહેતા લોકોને હેરાન કરે તે કદાચ ક્ષમ્ય છે, પણ જાહેરજીવનમાં આખા સમાજને ઠેકો લઈને બેસવાની જીદ કરતા આવા હઠીલા વ્યક્તિ આખા સમાજનો ઘડો-લાડવો કરી નાખે છે. રાજકારણ એ આનું નમૂનારુપ દૃષ્ટાંત છે. બાયપાસ સર્જરી કરાવ્યા પછી, ડગમગુ ચાલે બેબી સ્ટેપ ભરતા દંભી બુઢ્ઢા રાજકારણીઓ કોઈ યુવાન નેતાને આગળ વધવા જ દેતા નથી. પોતે પલંગમાં સૂતા છે પણ ખુરશીની માયા છૂટતી નથી. યુવાન નેતા પ્રગતિના શિખર સર કરે એ દાદાજીઓથી સહન થતું નથી.

ખેર, કુનેહપૂર્વક પ્રેમથી કામ લેતા આવડે તો અમે અડધા-અડધા થઈને માયા પર મૂકી દઈએ એવા છીએ, પણ ના! ગુસ્સો, હઠ, જિદ, અભિમાનથી કામ કરો તો પછી સામે એવો જ પ્રતિસાદ સાંપડે ને! બાકી વડીલોના આશીર્વાદ વગર તો યુવાપેઢી સ્ટાર્ટર વગરની ટ્યૂબલાઈટ જેવી છે. રેગ્યુલેટર વગરના પંખા જેવી છે, અમારી ગતિ તમારા હાથમાં છે, કયારે તેને તીવ્ર કરવી અને કયારે ધીમી કરવી તેનો હક્ક તમારી પાસે જ છે, પરંતુ તમે તો રેગ્યુલેટરની સ્વીચ શૂન્ય પર મૂકીને લાકડાથી પાંખિયા હલાવવાની ચેષ્ટા કરો તો પાંખિયા તો વાંકા જ થવાના ને!

બાકી યુવાન અને વૃદ્ધ તો અંતે મનથી જ થવાય છે, વૃદ્ધાવસ્થામાં પણ યૌવનનો તરવરાટ, સમય સાથે ડગ માંડવાની તૈયારી જતું કરવાની ભાવના હોય તો કોઈ પણ તમને 'ડોસા' નહીં બનાવે, આજે સમાજમાં એવા ઘણા દાખલા મળે છે જે વ્યક્તિ ઉંમરના અસ્તાચળે અદ્વિતીય સફળતા મેળવે છે. અમિતાભ બચ્ચન તેમની સેકન્ડ ઈનિંગમાં અણનમ સદી નોંધાવી અડીખમ ઊભા છે. આમ, સમય સાથે તાલ મિલાવતા ઘણા એવા વડીલ છે જેમને સન્માન મેળવવા જવું પડતું નથી, સામેથી સત્કાર અને આદરનો હાર એમને ગળે વીંટળાય છે. ભાવાવેશમાં સત્ય જરા ઉગ્રતાથી કહેવાઈ ગયું હોય તો બાળક સમજી માફ કરજો અમે 'સમાધાન' ના હોર્ડિંગ લઈને ચાલીએ છીએ ત્યારે તમે સમાધાન, જતું કરવું ની ચબરખી તો સાથે રાખજો!

- jayuoza@gmail.com

ડૉક્ટરને પોતાનું સપનું સાચું પડ્યાનો અને દાતાને પોતાનો મનોમન કરેલો સંકલ્પ પૂરો થયાનો આનંદ હવામાં લહેરાતો હતો જેની સુગંધ સુરતથી છેક સાવરકુંડલા આરોગ્ય મંદિરના દર્દીઓ સુધી પહોંચી હતી

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'ડૉક્ટર, તમે પાગલ માણસ જેવી વાત કરો છો, તમારા આદર્શો સાચા છે પરંતુ આજના સમયમાં આવું શક્ય જ નથી.'

સુરતના વ્યાપારી પરશોત્તમભાણી કાનાણીએ બે વર્ષ પહેલા અમદાવાદના ડૉક્ટર માનસેતાને આ શબ્દો કહ્યા અને મનોમન એક સંકલ્પ પણ કર્યો.

કઈ એવી વાત હતી, જે આજના સમયમાં શક્ય નથી એમ જણાવાયું હતું એનો તાગ મેળવવા પહોંચવું જરુરી છે સૌરાષ્ટ્રમાં નાવલી નદીના કાંઠે વસેલા નાનકડાં ગામ સાવરકુંડલા સુધી. આજે નાવલી નદીના પટમાં પાણી ભલે નથી પરંતુ અહીંના લોકોના જીવનમાં સેવા-સમર્પણ અને ત્યાગ હજુ એવા જ ધબકે છે.

અહીંના જ વતની અને જન્મભૂમિને જ કર્મભૂમિ બનાવનાર ગુજરાતના જાણીતા સાહિત્યકાર-ચિંતક-વિચારક રતિલાલ બોરીસાગરના હાથ નીચે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ અને સહપાઠીઓએ ગુરુજીના સન્માનનો વિચાર કરી અને રચના કરી રતિલાલ બોરીસાગર સાંસ્કૃતિક પ્રતિષ્ઠાનની. પાંચેક વર્ષ સુધી આ સંસ્થા દ્વારા અન્ય શિક્ષકો - અધ્યાપકોનું પણ સન્માન કરાયું.

પુ. મોરારિ બાપુએ એક નવી દિશા આપી, આશીર્વાદ આપ્યા અને વિદ્યાગુરુ ફાઉન્ડેશનની રચના થઈ. આસપાસના વિસ્તારોના દર્દીઓ માટે હોસ્પિટલનો આરંભ થયો. જેને નામ અપાયું આજ વિસ્તારના લોકસેવક અને પથદર્શક લલ્લુભાઈ શેઠનું. લલ્લુભાઈ શેઠે એમના જીવનકાળ દરમિયાન અનેક સંસ્થાઓ શરુ કરી હતી પરંતુ પોતાનું નામ કયાંયે રાખ્યું ન હતું. એમના જન્મ શતાબ્દિ વર્ષ ૨૦૧૫-૧૬ નિમિત્તે પુ. મોરારિબાપુના હસ્તે ૭ જાન્યુ. ૨૦૧૫ના રોજ સાવરકુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનો આરંભ કરાયો. હોસ્પિટલ તો બહુ શરુ થાય છે પરંતુ અહીં વિશેષતા એ છે કે આરોગ્ય મંદિર નામ અપાયું છે, દર્દીને નારાયણ તરીકે, ભગવાન તરીકે જોવાય છે, અને એથી જ દર્દી આરોગ્ય મંદિરમાં પ્રવેશે અને

સાજો થઈને પરત પોતાના ઘરે પાછો ફરે ત્યાં સુધી એની પાસેથી કે એના સગા-સંબંધી પાસેથી એક પૈસો પણ લેવામાં આવતો નથી. સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર અપાય છે. સંસ્થાના પ્રમુખ ડૉ. હરેશ મહેતા, ઉપપ્રમુખ ડૉ. નંદલાલ માનસેતા અને તેમની સમગ્ર ટીમના સાથીઓ ઈચ્છે છે કે વિશ્વકક્ષાની શ્રેષ્ઠ સારવાર અને સુવિધા દર્દીઓને નિઃશુલ્ક આપવી છે.

પહેલી નજરે સ્વીકાર્ય ન બને એવી વાત સાકાર થઈ છે. આકર્ષક પ્રવેશદ્વાર - પ્રેમાળ રીસેપ્શન એરિયા - દર્દી અને તેમના સગા માટે વેઈટીંગ રુમ તથા ભોજનખંડ - આઈસીયુ સાથેની એમ્બ્યુલન્સ વાન, ઓપીડી, ઓપરેશન થિયેટર, વિના મૂલ્યે દવાની દુકાન, પેથોલોજી લેબોરેટરી, ડાયાલિસીસ યુનિટ, પ્રસૂતિ વિભાગ, રેડિયોલોજી વિભાગ જેવી તમામ સેવાઓ આ આરોગ્ય મંદિરમાં સંપૂર્ણપણે વિના મૂલ્યે ઉપલબ્ધ છે. પૂજ્ય મોરારિબાપુએ સંસ્થાની પ્રવૃત્તિઓ માટે એક કથા પણ આપી છે અને અત્યારે ગામે ગામથી જાણીત-અજાણ્યા લોકો આ આરોગ્ય મંદિરની સાથે દાન આપીને, પોતાનો સમય આપીને, પોતાની સ્કીલ આપીને જોડાઈ રહ્યા છે.

ભવિષ્યના આયોજનોમાં ડેન્ટલ - ઓપ્થેલ્મોલોજી - સોનોગ્રાફી જેવા વિભાગો શરુ થશે. કોઈ પણ પ્રકારની કેપીટેશન ફી વિનાની મેડિકલ કૉલેજ શરુ થશે અને મંત્રશક્તિ દ્વારા સારવાર માટેનું સેન્ટર પણ અહીં બનશે. હાલ મહિને રૂ. પંદર લાખનો ખર્ચ છે. જે દિવસેને દિવસે વધી રહ્યો છે, પરંતુ આનંદની વાત એ છે કે આરોગ્ય મંદિરની પ્રવૃત્તિઓ વિશે સાંભળીને જોઈને વધુ ને વધુ દાતાઓ - શ્રેષ્ઠીઓ - ઉદ્યોગપતિઓ - કલાકારો-માનવતાના આ ઉમદા કાર્યમાં જોડાઈ રહ્યા છે.

એમાંના જ એક એટલે લેખના આરંભે જેમનો ઉલ્લેખ થયો તે પરશોત્તમભાઈ. જાન્યુઆરી ૨૦૧૫માં આરોગ્ય મંદિરના આરંભ બાદ આઠ મહિનામાં થયેલા દર્દીઓની સારવારના આંકડા લઈને ડૉ. માનસેતા તેમને તાજેતરમાં ફરીથી મલ્યા. અને એમણે બે વર્ષ પહેલાં કરેલો સંકલ્પ પૂરો કરતાં કહ્યું કે, 'લ્યો આ ૧, ૧૧, ૧૧, ૧૧૧/- રૂપિયાનું દાન, મેં સંકલ્પ કર્યો હતો કે આ પાગલ ડૉક્ટર જેવી વાત કરે છે એવી નિઃશુલ્ક હોસ્પિટલ થશે તો હું આટલું દાન આપીશ...'

ડૉક્ટરને પોતાનું સપનું સાચું પડ્યાનો અને દાતાને પોતાનો મનોમન કરેલો સંકલ્પ પૂરો થયાનો આનંદ હવામાં લહેરાતો હતો જેની સુગંધ સુરતથી છેક સાવરકુંડલા આરોગ્ય મંદિરના દર્દીઓ સુધી પહોંચી હતી.

અહીં પ્રસ્તુત ઘટનામાં જેવી પરિકલ્પના ડૉ. માનસેતા અને મિત્રોને થઈ એવી પરિકલ્પના-સમર્પણની-સેવાની-માનવતાની વાત જયારે જયારે થાય ત્યારે એવી વાતો કરનારા સમાજને પાગલ જ લાગે છે, અપ્રસ્તુત લાગે છે. પરંતુ જો સચ્ચાઈ-પ્રેમ અને કરૂણાનો માર્ગ એમણે સાચ્ચે જ પકડ્યો હોય તો એમના સપના સાચા પડે જ છે એ વાત પણ એટલી જ સાચી છે. પોતાના માટે વપરાય તે લક્ષ્મી અને પરમાર્થ માટે વપરાય તે મહાલક્ષ્મી એવું માનનારા દાતાઓ શુભ કાર્યમાં આપોઆપ જોડાઈ છે. લોકસાહિત્યમાં કહેવાયું છે કે માણસ રોજ કેટલું લણે એના પર નહિ પરંતુ કેટલું વાવે એના પરથી એના વ્યક્તિત્વનો અણસાર મળે છે. જીંદગીમાં પોતપોતાના ક્ષેત્રમાં સફળ થવું બધાને ગમે, થવું જ જોઈ પરંતુ ત્યાંથી આગળની અનુભૂતિ એવું કહે છે કે માણસને પોતાના માણસ તરીકેના હોવાપણાની, સાર્થકતાની અનુભૂતિ થાય છે. ઘણીવાર આપણે ફરિયાદ કરીએ છીએ, એ જ સમયે આપણે સ્વજનો-મિત્રો કે સમાજને કેટલું કેટલું આપ્યું તેની યાદી કરવા જેવી હોય છે.

જેમ બાળકના સપના મા-બાપ પુરા કરે છે એમ પરમાર્થ માટે કશુંક નિર્માણ કરવાના સપના કોઈ નિષ્ઠાપૂર્વક જુએ ત્યારે એ સપના પુરા કરનારા મા-બાપ રૂપી દાતાઓ કાર્યકરો મળી જ રહે છે અને ત્યારે સાચા પડેલા સપનાના પ્રદેશમાં અજવાળા અજવાળા રેલાય છે.

તેજપૂંજ :

અગર હમ પેન્સિલ બનકર
કિસી કે લીયે
ખુશીયાં નહિ લીખ સકતે,
તો છોટા સા રબર બનકર
ઉનકે દુઃખ-દર્દ તો
મીટા સકતે હૈ ના !!